સલામી સવારની..

હાથે કરીને ચોળ્યું પેટ, અધૂરે સુવાવડ આવી!
તૈયારી વિના, ચૂંટણી જીતવા, ઉતાવડ આવી!
આવી તક બેન્કને, દારૂ જેમ ફરે નોટો નવી -
આરામપ્રિય બેન્ક કાર્મિકને ભૂતાવડ આવી!

થયો ધડાકો!
ને બેન્કની બોગીઓ,
ઉતરી પાટા...

વિલાયાં સ્વપ્ન!
દબાયાં કો' કપાયાં -
યાત્રી નિંદ્રામાં...

ચિંતન

માતર મિવ વત્સાઃ સુખદુખાનિ કર્તા રમેવાનું ગચ્છતિ

માતાની પાછળ ચાલતા શીશુની જેમ કર્મ કરનારની પાછળ પાછળ સુખદુઃખ ચાલે છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

નિષ્ફળતાથી હતાશ ન થવું કારણ કે એની પાછળ સફળતા આવવાની જ છે.

વાછરડું કે અબૂધ પ્રાણીને કોઈ પણ બચ્ચું માને ઓળખી તરત તેને જ અનુસરે છે - કૂરકૂરિયું હોય કે વાંદરીનું બચ્ચું એ જૂથમાંથી પણ પોતાની 'મા' ને ઓળખી કાઢે છે એમ પૂર્વ જન્મના કર્મો તેના કરનારને કોઈ પણ ભવ - અનેક જન્મો પછી પણ ઓળખી તેને સારાં કે માઠાં ફળ આપે જ છે.

એટલે એ નિશ્ચિત છે કે હું જે કંઈ કર્મ કરું છું એ કોઈને ખબર નહીં પડે - કોઈ જોતું નથી કે કોઈને લાંચ-લાલચ આપીને પણ બચી શકાતું નથી જ.

સુવિચાર

- પરિવર્તન અને પ્રગતિ એ બંને ભિન્ન બાબતો છે...
  પરિવર્તન વૈજ્ઞાનિક હોય છે અને પ્રગતિ નૈતિક - **સંત ફ્રાન્સીસ**
- સમાજમાં 'વિદૂરો' ઘટે એટલે 'ધૃતરાષ્ટ્રો' વધે - **ચંદ્રકાન્ત મહેતા**
- પરિવાર એટલે હમદર્દીનું સદાવ્રત, સહાનુભૂતિની પરબ,
  પરબનું પાણી માપી માપીને ન અપાય - **મોરારિ બાપુ**
- આપણા લોકોને આપણા કરવા હોય તો તેમની ઈચ્છાઓ અને વિચારો પ્રત્યે સહાનુભૂતિ દેખાડો...
  સહાનુભૂતિ એ કંજૂસાઈ નો નહીં; પણ મબલખ ખેરાતનો વિષય છે - **જનકલ્યાણ**
- કોઈ પણ માણસના ઉલ્લાસભર્યા બે સાથી છે.
  એક તેનો સુસંકૃત આત્મા અને બીજું તેનું પ્રફુલ્લિત મન - **શ્રી શ્રી રવિશંકર**
- કોઈ પણ બાળકને અડધા કલાક સુધી આનંદ કરાવનાર માનવી પરમાત્માનો સહકાર્યકર છે - **બર્નાડ શો**
- આજનું ઔષધ : આમળાના ચૂર્ણમાં ઘી અને ગોળ મેળવી રોજ ખાવાથી પેશાબ છૂટથી થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ઈશ્વર માટે સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસને સ્વાર્પણ હોય તો જ તમને મદદ કરવા હાજર થઈ જાય પણ જો તમારું ડગુમગુ હોય તો ઈશ્વર તમને મઝધારે તમારી તાકાત પણ છોડી દે છે.

શિવમંદિરનો પૂજારી ખૂબ શ્રદ્ધાથી મહાદેવની પૂજા-આરતી કરતો મહાદેવ તેની ભક્તિથી પ્રસન્ન હતા.

એક રાત્રે બે-ત્રણ લૂંટારા મંદિરના ચાંદીના થાળી-વાટકા જળાધારી-નાગ વગેરે લૂંટવા આવ્યા - પૂજારીએ જાગી જોયું - મહાદેવને રક્ષણ કરવા પ્રાર્થના કરવા લાગ્યો.

મહાદેવને તેની પ્રાર્થના પહોંચી. મહાદેવ અર્ધીરાત્રે ઉઠ્યા અને ભક્તની-પૂજારીની મુશ્કેલીની વાત કરી કહ્યું હું એનું રક્ષણ કરવા જાઉં છું! પરંતુ મહાદેવ પાંચ - દસ મિનિટમાં જ પાછા આવી ગયા - પાર્વતીજીએ પૂછ્યું, કેમ શું થયું - લૂંટારું ચાલ્યા ગયા?

મહાદેવે સ્મિત સાથે કહ્યું પૂજારી માર ખાતાં ખાતાં પથ્થરા મારી જાતનું રક્ષણ કરવા લાગ્યો અને મારું નામ લેવાને બદલે લૂંટારુંઓને જ ગાળાગાળી કરતો હતો. જે લોકો પોતાને જ શક્તિશાળી સમજતા હોય એને ઈશ્વર પણ તેની શક્તિના ભરોસે જ છોડી દે છે.

પ્રજાની પરિપક્વતાનું પ્રમાણ

તંત્રીસ્થાનેથી...

બે અઠવાડિયા પછી પણ નોટબંધીની ફલશ્રુતિ તરીકે શરુ થયેલી અફડાતફડી મટી નથી કે નથી લોકોએ બેંકો સામે લાઈનો લગાવવાનું બંધ કર્યું. સરકારને કદાચ કલ્પના જ નહીં હોય કે પોતે જે ઐતિહાસિક પગલું ભરવા જઈ રહી હતી એના આફટ્રસ શૉક્સ કેવા હશે! જાણે આઠ રિકટર સ્કેલનો ભૂકંપ આવ્યો હોય એમ દેશ આખો રસ્તા પર આવી ગયો. આપણી લોકશાહી એટલી પરિપકવ છે કે પ્રજાએ આ મુદ્દે કોઈ નોંધપાત્ર ઊહાપોહ નથી કર્યો. બેંકોમાં તોડફોડ કે હુમલાના બનાવો નથી બન્યા કે રાજકારણીઓ વિરુદ્ધ પ્રજાકીય દેખાવો નથી થયા. આની પાછળનું સૌથી મહત્ત્વનું કારણ છે પ્રજાની લોકતંત્ર પરની અને એથીય વિશેષ વર્તમાન વડાપ્રધાનની શુભ દાનત પરની શ્રદ્ધા. વિરોધ પક્ષો સંસદમાં હોબાળો મચાવી રહ્યા છે અને વડાપ્રધાન સંસદમાં આવવાનું સતત ટાળી રહ્યા છે, પણ એમના બહારના કાર્યક્રમો ચાલુ છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમનાં જાહેર ભાષણોમાં જે કંઈ કહેવાજોગ છે તે કહી જ રહ્યા છે. વળી મમતા બેનરજી અને કેજરીવાલ સિવાય બીજા કોઈ વિપક્ષી નેતાઓ નોટબંધીનું પગલું ખોટું હોવાનું પણ ખોંખારીને નથી કહી શકતા. એની પાછળ પોતાના કોર્પોરેટ ક્ષેત્રના સમર્થકોને સાચવી લેવાની દાનત હોવાનો આક્ષેપ મોદી પર જરુર થઈ રહ્યો છે. વળી એ પમ સાચું કે નોટો બદલાવવા કે જમા કરાવવા લાગતી લાંબી લાઈનોમાં કોઈ ઉદ્યોગપતિ કે મોટા ગજાનો આગેવાન ડોકાયો નથી. હા, વડાપ્રધાનનાં વયોવૃદ્ધ માતુશ્રીના ફોટા જરુર પ્રજા સુધી પહોંચ્યા છે. મોદી એમના આ ઐતિહાસિક કદમનું ચુસ્ત અમલીકરણ કરાવવા કૃતસંકલ્પ હતા, પણ સરજાયેલા સંજોગોએ સરકારને વારંવાર નવી નવી રાહતો જાહેર કરવા ફરજ પાડી છે. એથી પ્રજાને સરકારના તૂટી રહેલા મનોબળનો પરિચય પણ થઈ રહ્યો છે. જે લાઈનો લાગે છે એમાં રોજેરોજ હજારોની સંખ્યામાં ગરીબો જ દૃષ્ટિગોચર થાય છે. આ પૈકીના મોટા ભાગના તો એની રોજીરોટી કમાવાનું સાધન ગણીને આવતા હોય છે અને ચાર-પાંચ કલાક ઊભા રહી બસો-પાંચસોની કમાણી કરી લે છે. તો વળી કેટલાટ ચતુર સુજાણો ૬૫-૩૫ કે ૬૦-૪૦ વાળી રમત રમી સારી એવી રકમના માલિક બની ગયા છે. હવે આ રીતે કાળાંનાણાંનું સફેદીકરણ ચાલુ રહેશે તો ઈન્કમટેક્ષ વિભાગ પાડી પાડીને કેટલા દરોડા પાડશે? ખાતાધારકને અઢી લાખ સુધીની રકમ જમા કરવાની છૂટ આપી દીધા પછી એ પૈસા કયાંથી આવ્યા એવું પૂછવા માટે કેટલી જહેમત અને કેટલું મોટું માનવબળ - હ્યુમન ફોર્સ જોઈએ ? વળી એમાં ખુદ ઈન્કમટેક્ષના અધિકારીઓ દ્વારા જ કટકી નહીં થાય એની શી ખાતરી? આમ અનેક પ્રકારના ગૂંચવાડા વચ્ચે કેન્દ્ર સરકાર એના ઐતિહાસિક ક્રાંતિકારી પગલાનાં સંભવિત પરિણામો પર નજર રાખીને બેઠી છે. ખેડૂતોને ખાતર ખરીદવા માટે, બિયારણ માટે જૂની નોટો વાપરવાની છૂટ આપવામાં આવી છે તો વળી ઓવરડ્રાફ્ટ અને ક્રેશક્રેડિટ ધારકોને પચાસ હજાર સુધીની રકમ ઉપાડવાની છૂટ અપાઈ છે. રોજેરોજ સરકાર નવી નવી છૂટછાટો જાહેર કરી રહી છે. લોનોના હપ્તા ભરવા માટે બે મહિનાની છૂટ જાહેર થઈ છે. 'આર્થિક કટોકટી' જેવી સ્થિતિમાંથી પસાર થઈ રહેલી પ્રજાએ હજી સુધી સરકાર સામે 'હલ્લા બોલ' જેવી આક્રમક નીતિ નથી અપનાવી અને ચૂપચાપ જે રાહતો મળી શકે એ મેળવી સંતોષ માની લીધો છે, તે આપણી પ્રજાની એક લોકતંત્ર તરીકેની પરિપકવતાનું જ પ્રમાણ ગણાશે.

અહીં હવે માનવો નહીં દાનવો વસે છે

ધીમે ધીમે પગથિયાં ચડતી મંજુ વચેટ ભાઈ સુધાકર સાથે ઉપરનાં ઓરડામાં આવી. ચારે બાજુ એકદમ અંધારું. ડર લાગી જાય તેવો ચારે તરફ સન્નાટો, દાદર ચડતાં તેને હાફ ચડી ગઈ હતી. તેણે જરા ગુસ્સામાં કહ્યું, 'ભાઈ, હું માનું છું કે તમે હવે ઉપર નહીં આવતા હો, ઉપરના પોર્શનથી તમારે કંઈ મતલબ નથી. છતાં એક જીરો વોટનો બલ્બ લગાવી રાખો, નહીં તો અહીં જાણે ભૂસનો વાસ... પડી જવાનો ડર અલગ... ગભરાઈને કહ્યું, 'ચાલો... જલ્દી નીચે જઈએ. હું હવે અહીં એક પળ પણ રહી નહી શકું.'

નીચે રમીલા ચ્હા નાસ્તો બનાવતી હતી. ચ્હા પીતાં પીતાં મંજુ હવે તે ઓરડો જોઈ રહી હતી. જે બાનો હતો. જે તેમની મિલકત હતી. ઓરડાની વચ્ચોવચ્ચ તેમનો ખાટલો અને ચારેબાજુ ડબ્બા ડુબલીઓનો અંબાર ચાર લોખંડના પીપ જેમાં વરસોથી સંઘરેલી ચીજો કોઈ અમણોલ ખજાનાની જેમ સાચવેલ હતી. અને તેમાં પર લટકતાં મોટા તાળા, તેની ચાવીઓનો મોટો ઝુડો હંમેશા બાની કમરે લટકતો રહેતો.

'મંજુ' તમે તો ખબર છે કે વચેટ ભાઈના અવાજે તેને વર્તમાનમાં લાવી દીધી. મંજુ તારી ભાભીના ગયા પછી હું બા અને મારાં ત્રણ છોકરાઓ ને કઈ રીતે રાખું છું. મોટા ભાઈ અને નાનો ભાઈ બંને પોતપોતાના ઘર સંસારમાં એવા ડુબેલા રહેતા કે તેમને બા કોઈ દિવસ યાદ જ ન આવતાં. અને જો કયારેક આવે તો પણ સવારે આવી સાંજે પોતાનું કામ પતાવી જતા રહેતા.

બા એ સપને પણ જે વિચાર્યું નહોતું તેવી આફત ઘડપણમાં તેમના પર આવી પડી. જેનાથી કુટુંબ આખું સ્તબ્ધ થઈ ગયું. તે વચેટ ભાભીનું એક અકસ્માતમાં મૃત્યુ. મૃત્યુ સાથે જ ત્રણ જિંદગીઓ ઉપર એક ભયાવહ પ્રશ્નાર્થ ઊભો થઈ ગયો. બા જે વૃક્ષની છાયામાં પોતાનું ઘડપણ નિશ્ચિત પણે વિતાવતા હતા તેનો માળો વિખેરાઈ ગયો. બા, ભાઈ અને તેમાં ત્રણ માસૂમ બાળકો પર જાણે કે વજ્રઘાત થયો.

વચેટ ભાભીના તેરમા પર આજે આખું કુટુંબ ભેગું થયું હતું. શ્રાદ્ધની ક્રિયા તો માત્ર ઔપચારિકતા હતી. સૌનાં આવવાનો અસ્સલ ઉદ્દેશ્ય શું હતો એ તો સૌથી મોટો પ્રભાકર ભાઈ અને સૌથી નાનો દિવાકર તેમની પત્નીઓ સાથે મિટીંગમાં સામેલ થયા ત્યારે ઉજાગર થયો.

જોકે બાપુજીએ પોતાના મૃત્યુ પહેલા ત્રણે ભાઈઓને મકાનના હિસ્સાની વસિયત કરી આપી હતી. છતાં વચેટ ભાઈ ત્યાં રહેતો હોવાથી તે બંનેમાં મનમાં એવી શંકા હતી કે વચેટ ભાઈ તેમના ભાગના મકાન પપર કબ્જો જમાવી ન દે.

જયારે બાપુજીનું વસિયતનામું વાંચવામાં આવ્યું અને ત્રણેના પોતપોતાના ભાગની જાણ થઈ ત્યારથી તેમના મનમાં કડવાશ ખુબીને બહાર આવી ગઈ હતી. નાના એ દોષારોપણ કર્યું કે મને પાછળનો ભાગ કેમ આપ્યો. જયારે મોટા ભાઈને આગળની હવા ઉજાસવાળો ઓરડો મળ્યો. તે તેમની સાથે રહેતો હોવાથી તેણે કંઈક કાવતરું કર્યું છે. જો કે પરિસ્થિતિ તેનાથી બિલકુલ વિપરીત હતી. બા-બાપુજી જયારે જયારે બિમાર પડે ત્યારે એ જ સેવા કરતો. તેથી બાપુજીએ ખુશ થઈને જ એવું કર્યું હતું.

બાપુજી જયારે બિમાર હતા ત્યારે બા એ મોટાભાઈને સૌથી પહેલાં યાદ કરેલ. કેમ કે એ સૌ ભાઈ-બહેનમાં મોટા હતા. તે પોતાની જવાબદારી સમજશે. છેવટે તો આપણે આવા દિવસો માટે જ ભણાવી ગણાવી તેમને સક્ષમ બનાવ્યા છે. પરંતુ બન્યું તેનાથી બિલકુલ વિપરીત. તે તો આવ્યા નહીં પણ ભાભીનો ગુસ્સાભર્યો જવાબ મળ્યો. 'બા, વગર વિચાર્યે ફોન કરી દે છે, અહીં' અમે બધાં ડિસ્ટર્બ થઈ જઈએ છીએ. શું અમારી પણ જિંદગી નથી? આવું જાણીને અમને કંઈ થઈ જાય તો...

નાના એ ન તો કોઈ જવાબ આપ્યો કે ન આવ્યો. વચેટ ભાઈ એ જેમતેમ કરી બધું સંભાળ્યું. છેવટે બાપુજી ન રહ્યા.

પરંતુ આજ મંજુની સમક્ષ જે દૃશ્ય દેખાઈ રહ્યું છે તેમાં માનવતા, માનવીય સંબંધ અને સંવેદના કેવા નગ્નરૂપે અટ્ટહાસ્ય કરી રહ્યા છે કે શબ્દોમાં તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. નાની ભાભી આંગણામાં ઊભી રહી કોઈ ઝેરીલી નાગણની જેમ ફૂત્કાર કરતી બુમાબુમ કરી ક્રોધ અને અહંકારથી કહેતી હતી, 'જૂઓ, હું ચોખ્ખે ચોખ્ખું કહી દઉં છં. જો બાપુજીએ આ ભાગ અમારે નામે લખી આપ્યો છે તો વચેટભાઈએ હજુ સુધી તિજોરી કબાટ અને મોટાં પીપડાં ઓરડામાંથી હટાવ્યા કેમ નથી. તેમને કહી દો આ વખતે મારા ભાગના મકાનને હું તાળું મારીને જવાની છું.કાલ સુધીમાં અહીંથી પોતાનો બધો સામાન હટાવી લે.'

બા ચૂપચાપ આંખમાં આંસુ સાથે પોતાની વચેટ વહુનો સામાન પોતાના ઓરડામાં

અનુસંધાન પાના નં. ૭ પર

રિલેશનમાં ફ્રેન્કનેસથી ફ્રેશનેસ : તડકા લગા કે

ઑપ્રા વિનફ્રે શૉની ઍન્કર અને મૉડલ ઑપ્રા વિનફ્રે કહે છે કે ''દરેક રિલેશનશીપની સફળતા (૧) બેસ્ટ કૉમ્યુનિકેશન, (૨) કેર, (૩) રિસ્પેક્ટ અને (૪) સ્પેસ ફૉર પ્રાઈવસી એમ ચાર પાયા ઉપર નિર્ભર રહે છે.''

દરેક રિલેશનમાં અપ ઍન્ડ ડાઉન તો આવે. સક્સેસફુલ રિલેશન તો એ જ કહેવાય કે જે જીવનમાં આવતી સમસ્યામાંથી કંઈક શીખે અને રિલેશનમાં તાજગી જાળવી રાખે. રોજબરોજના કૉમ્પ્લિકેશનમાં કેવી રીતે મેનેજ કરવું એ સવાલ ઘણા લોકોને હોય છે. સેલ્ફ-હેલ્પ વિષયક બુક્સ વાંચે છે, સેમિનાર અટેન્ડ કરે છે યા સાયકો-થેરાપિસ્ટ કે કાઉન્સેલરનું કન્સલ્ટેશન પણ લે છે.

સંબંધની સફળતા માટે સંવાદ-વાતચીત મહત્વ ધરાવે છે. બધી સમસ્યાનું મૂળ કૉમ્યુનિકેશનની ગેરહાજરી જ છે. સંવાદ યા વાતચીત કરવા માટે બે વ્યક્તિએ એકબીજાને ટાઈમ આપવો પડે. તમે તમારી પ્રિય વ્યક્તિ સાથે ક્વૉલિટી ટાઈમ ઍન્જૉય કરી શકો એ માટે પણ ટાઈમ-ટેબલ બનાવવું જોઈએ. આ ટાઈમે તમારે મૉબાઈલ-સ્ટ્રાઈક (મૉબાઈલની હડતાળ) પણ રાખવી જોઈએ. જો બે વ્યક્તિ પોતપોતાના મૉબાઈલમાં ખોવાયેલા રહેશે તો સંવાદ-વાતચીત કોણ કરશે? માત્ર મૉબાઈલ જ નહીં, ટી.વી. પણ બંધ રાખો. વાતો કરો ત્યારે આંખોમાં આંખો પરોવી રાખો અને નજરો ચોરીને વાત ન કરો. તમારી બૉડી લેન્ગ્વેજ પણ પૉઝિટીવ હોવી જોઈએ કે જેથી સામી વ્યક્તિને પણ ખબર પડે કે તમે એની વાત ધ્યાનથી સાંભળી રહ્યા છો.

બે વ્યક્તિ વચ્ચે રિલેશનશીપ હોય ત્યારે એ વાત સમજવી જોઈએ કે બે વ્યક્તિના વિચારો, પસંદ-નાપસંદ, શોખ, ટેવો, આદતો કદાચ અલગ હોઈ શકે. આ બાબતોમાં જો અસમાનતા હોય તો પણ બે વ્યક્તિ એકમેકને પસંદ કરતી હોય ત્યારે એકબીજાના જુદા જુદા શોખ, ટેવો, આદતો અને વિચારોની ભિન્નતાનો પણ આદર સાથે સ્વીકાર કરવો જોઈએ. જો બે વ્યક્તિ વચ્ચે વિચારભેદ થાય તો સંબંધનો પાયો ડગમગવાની શરુઆત થાય છે અને સંબંધ ભંગાણ તરફ જાય છે. જો તમે ખોટા નથી તો તમારી જાત સાથે પ્રામાણિક રહો અને સાચું બોલો. તમારી ભુલ હોય તો માફી માગવામાં કોઈ ઈગૉ રહેવો જોઈએ નહીં. બની શકે તો વિચારભેદ ટાળવા અને ઉકેલતા રહેવું જોઈએ. કોઈ મુદ્દે ચર્ચા થાય તો બેમાંથી એક વ્યક્તિએ ધીરજ રાખવી જોઈએ અને બધું સમય ઉપર છોડી દેવું જોઈએ.

બે વ્યક્તિ એકબીજાને પસંદ કરે એ રિલેશનશીપનો પાયો છે. પરંતુ સમય જતા જો બે વ્યક્તિ એકમેકને ટાઈમ અને પ્રાયૉરિટી નહીં આપે તો સંબંધ રહેશે જ નહીં. તમારી પાસે એક તરફ દુનિયાદારીના કામ હોય છે અને બીજી તરફ તમારી ગમતી વ્યક્તિને પ્રાયૉરિટી આપવાનો અવસર હોય છે. આવા સમયે તમે (૧) કામને પ્રાયૉરિટી આપો છો? કે (૨) ગમતી વ્યક્તિને? જો તમારી પ્રાયૉરિટીના લિસ્ટમાં તમારી ગમતી વ્યક્તિ પહેલા નંબર ઉપર નહીં હોય તો તમે સંબંધ ગુમાવી દો છો. સંબંધ ગુમાવવાની પ્રૉસેસ એટલી ધીમી છે કે તમને અંદાજ પણ આવતો નથી કે તમે તે ગુમાવી રહ્યા છો. જ્યારે સંબંધ હાથમાંથી સરી જતી રેતીની માફક સરી જાય છે, ત્યારે ખુબ મોડું થઈ ગયું હોય છે.

રિલેશનશીપમાં પ્રાયૉરિટી આપવી એટલે શું? એ પણ સમજવા જેવું છે. તમારો સંબંધ જે ઉષ્મા સાથે શરુ થયો એ ઉષ્માપૂર્ણ વર્તાવ યાને લવલી ઍન્ડ કેરિંગ બિહેવિયર તમારું કાયમ માટે રહેવું જોઈએ. હવે તો મારો સાથી મારા સિવાય ક્યાં જવાનો છે? એવા ટેકન ફૉર ગ્રાન્ટેડ બિહેવિયરથી તમારે બચવું જોઈએ. જો તમે સંબંધ બચાવવા માગતા હોય તો તમારે આ રીતે બચવું જોઈએ.

સંબંધની શરુઆત જેટલો જ એકબીજાને ટાઈમ આપવો, એકબીજાની કેર લેવી, એકબીજાની નાનામાં નાની વાત સાંભળવી અને ઍપ્રિસિએટ કરવી, એકબીજાને કૉમ્પ્લિમેન્ટ્સ આપવા અને પોતાના ગમે તેવા બિઝી વર્ક-શિડ્યુલમાંથી પણ થોડા થોડા સમયના અંતરે એકબીજાને કૉલ કરીને ખબર પુછવી, વાત કરી લેવી જોઈએ.

રિલેશનશીપમાં પ્રાયૉરિટી એટલે ક્વૉલિટી-ટાઈમ સાથે ગાળવાનું ટાઈમ-ટેબલ. ક્વૉલિટી-ટાઈમ સાથે ઍન્જૉય કરવો એટલે માત્ર સેક્સ જ નહીં. દર વીક-ઍન્ડ સાથે લંચ યા ડીનર પ્લાન કરવું જોઈએ. મહિનામાં એક-બે વાર સાથે જમવાનું પ્લાન કરવામાં આવે. મહિનામાં એક-બે વાર શહેરથી દૂર પિકનિક યા ટૂર યા લૉંગ-ડ્રાઈવની મજા પણ લેવી જોઈએ. મહિને એક-બે વાર ફિલ્મ જોવાનો પ્લાન પણ બનાવી શકાય.

રિલેશનશીપમાં ટ્રસ્ટ યાને વિશ્વાસ મૉસ્ટ ઈમ્પૉર્ટન્ટ ફૅક્ટર છે. તમારા સાથીને તમારા ઉપર વિશ્વાસ ત્યારે જ આવે છે કે જ્યારે તમે સાચું બોલો અને તેનાથી કોઈ એવી વાત ના છુપાવો કે જે તમારા બે વચ્ચે તિરાડરૂપ બને. તમારું વર્ક-શિડ્યુલ અથવા તમારું ડે-ટુ-ડે ટાઈમ-ટેબલ તમારા પાર્ટનરને જણાવતા રહો અને તેને તમારા વિશે સતત અપ-ડેટ્સ આપતા રહો. જેથી તમારા વચ્ચે કોઈ મિસઅન્ડરસ્ટેન્ડિંગ પણ ના રહે. જો કદાચ તમારી વચ્ચે ગેરસમજ ઉભી થાય તો તરત જ એનું નિવારણ કરો પરંતુ ગેરસમજને આગળ વધવા ના દો.

તમારા સાથીને ના ગમતું ઍક્ટ ના કરો કે જેની જાણ તમારા સાથીને થતાં જ તેને હર્ટ થાય અને તમારા રિલેશનમાં તિરાડ પડે. તમારા સાથી સાથે સાચું બોલો અને તમે જે બોલો એ જ તમે કરો. તમારું બોલવાનું જુદું હોય અને તમારું વર્તન જુદું હોય તો તમારા સંબંધ લૉંગ-ટર્મ રહી શકશે નહી. તમારાથી જો કદાચ કોઈ ભૂલ થઈ ગઈ હોય તો એને છુપાવવાની કોશિષ ના કરશો. કેમ કે તમે જેને છુપાવવા ટ્રાય કરશો, એ જ વસ્તુ સામે આવીને ઉભી રહેશે, એવો કુદરતનો સિદ્ધાંત છે. આથી તમારી ભૂલનો પણ સાથી સમક્ષ નિખાલસ એકરાર કરી લો. અહીં એક વાતનું ધ્યાન રહે કે કોઈ પણ ભૂલ એક વાર જ થાય. તમારી એક જ પ્રકારની ભૂલ જો વારંવાર થતી રહે યા રીપિટ થતી રહે તો એને ભૂલ ના કહેવાય પરંતુ તમારું ઈન્ટેન્શનલી એક્ટ કહેવાય. તમે ઈરાદાપૂર્વક કરેલું એકનું એક કૃત્ય એ

અનુસંધાન પાના નં. ૭ પર

બે રૂપિયામાં બાલ્કની...!! પતરાંની ખુરશીમાં મગફળી સાથે મુવી જોવાનો બાદશાહી ઠાઠ...!!

બ્લેક એન્ડ વ્હાઈટ જમાનાની 'રામરાજય'થી લઈ સિનેમાસ્કોપ સુધીની ફિલ્મો અને થિયેટરમાં બેસીને જોઈ છે. રાજકપૂર, દેવાનંદ, રાજેશ ખન્નાનો સુવર્ણયુગ હોય કે બચ્ચનના દમદાર ડાયલોગ સાથે છવાઈ જવાની હોય. કયાંક આ બધા વચ્ચે રાજેન્દ્રકુમાર, સુનિલદત્ત, મનોજકુમાર, મહેમૂદ, વિનોદ ખન્ના, રીશીકપૂર વગેરે વગેરે પોતાની કરામત બતાવી જાય. મધુબાલાથી માધુરી દિક્ષિત બધી જ કલામ કરે અને અમે એઈ સિનેમા હોલની પતરાની ખુરશીમાં પગ લાંબા કરી મગફળીના ફોતરા નીચે ફેંકતા મુવીનો બાદશાહી ઠાઠ ભોગવતાં.

શોપિંગ સેન્ટરના બાંકડે ગોઠવાયેલા સિનિયર સિટીઝન એમના પૌત્ર સાથે હમણાં મોંઘા ભાવના મલ્ટિપ્લેક્સમાં મુવી જોઈને આવ્યાં હતાં એ એમના મિત્રોને વાત કરી રહ્યાં હતા. આ મારા પૌત્રને જીદ કરી એટલે ઘણાં વર્ષે થિયેટરનું મોં જોયું. હવે, એ થિયેટર શેનું? મલ્ટિપ્લેક્સ હતું. આપણાં જમાનાના થિયેટરની યાદો તાજી કરતાં આ ભવ્ય થિયેટરમાં ફિલ્મ જોવાનો અનુભવ ઘણાં વર્ષે લીધો.

પણ ખબર નહીં કેમ અગવડતાં ભર્યા એ થિયેટરની પીળા કલરની ટિકીટ ફડાવીને લાલાની લાકડી ખાઈને પણ જે આનંદ મળતો હતો એ બધું તો અહીં એકદમ સોફિસ્ટીકેટેડ બની ગયું છે. પિક્ચર તો પતી ગયું પણ મેં તે એ દરમિયાન કેટકેટલાં હીરો-હીરોઈન, લાંબી લાઈનનો અનુભવ કરેલો બધું યાદ આવ્યું. અત્યારે પાંચસો-હજારની નોટ બદલાવવા એકવાર ઉભા રહીને કકળાટ કરતાં આમને શું ખબર કે અમે અમિતાભનું પિક્ચર પહેલા દિવસે જોવા આખી રાત લાઈનમાં લાગતાં!

આમ તો અમે પિક્ચર જોવાનું ચાલું કર્યું ત્યારે ટિકીટની કિંમત માત્ર ચાર આના (પચ્ચીસ પૈસા), બે આનામાં મગફળી (શેકેલી અને બાફેલી એમ બંને મળે, ચોઈસ ઈઝ યોર્સ) કુલ છ આનાનો ખર્ચો. બહાર નીકળીએ એટલે જે ફિલ્મ જોઈ એના ગીતોનું ચાર ફોલ્ડવાળું કાગળીયું (પુસ્તક) એનો એક આનો બધું મળી સાત આનામાં જલસો.

આ હિસાબ પાંચમા દશક એટલે ૧૯૫૬-૫૭ની વાત. આમાં મગફળીનો ઉલ્લેખ જાણી જોઈને કર્યો. કારણ ઈન્ટરવલમાં એક કે બે આનાની શેકેલી સુગંધીદાર મગફળી ગરમાગરમ હાથમાં લઈને પિક્ચર જોતાં જોતાં દાણા મોંઢામાં અને છોતરાં નીચે (સ્વચ્છતા ગઈ તેલ લેવા) ફેકતાં જે મજા પડતી... આ... હા... હા... પાંચ વર્ષના બાળકથી લઈ યુવાન, શિક્ષક, વકીલ, ડૉકટર, સ્ત્રી, પુરુષ કોઈ પણ મગફળીનો સ્વાદ લેવાના એ વાત નક્કી. સિનેમા અને મગફળીનું પાક્કું ગઠબંધન હતું.

બીજે દિવસે સવારે થિયેટરની સફાઈ વખતે ખાસ્સાં બે કોથળા ભરીને મગફળીના છોતરા ભેગા કરવા પડતાં છતાંય કયારેય એ સફાઈ કામદાર કે

> **અહીં તમે, તહીં તમે, જયાં જુઓ ત્યાં તમે જ તમે,**
> **તમારી જ યાદ માનસપટ પર છવાઈ હોય એવું લાગે છે!**
> **- વિશાલ મોણપરા**

થિયેટરના માલિક તકરાર કરતાં નહોતા. ઉલટાનું મગફળી વેચનારા પરવાનગી લઈને મધ્યાંતર વખતે મગફળીનો ટોપલો લઈને ફરતાં હતા. ગાંધીનગરની આશા અને ગાયત્રી ટોકિઝ (અત્યારે જયાં રાજેશ્રી તોડીને બનાવેલી આર-૨૧) છે એની પાછળ) અને પેથાપુરમાં રૂપરાજ પતરાના છાપરાવાળી ટોકિઝ હતી. જયાં ટિકીટ માટે લાઈન લાગતી અને બ્લેક પણ થતા.

પછી તો શાલિમાર કે અમદાવાદની અજંતા, ઈલોરા, શિવ, રૂપાલી, નટરાજ, ગેલેક્સી, રિલીફ, કૃષ્ણ, અંજલી જેવા થિયેટરો સામે સિંગની લારીઓ અને ફેરિયા ઊભા રહેતાં. ગાંધીનગરની સેકટર-૧૬ની શાલિમાર થિયેટર સામે મંગુકાકા મગફળીની લારી લઈને ઊભા રહેતાં. લારી પર લોખંડની શગડી, એમાં લાકડાં સળગતાં હોય, ધીમી આગ પર ધુમાડા થાય, એના પર લોખંડની મોટી કઢાઈમાં પોણો ભાગ રેતી ભરી હોય અને એમાં મગફળી નાંખી શેક્યા કરે. ઘરેથી બાફેલી મગફળી તો તપેલું ભરીને તૈયાર જ લાવે. આ સીન લગભગ બધાં જ થિયેટર બહાર જોવા મળે.

થિયેટર સુધાર્યા એટલે ટિકીટ પણ બે-ત્રણ-પાંચ રૂપિયા થઈ ગઈ. પણ ખુરશીઓ તો પતરાંની જ, બાલ્કનીમાં ખાલી રેક્ઝિન વાળી ગાદી હોય, જેનું રેક્ઝિન લગભગ ખેંચી નાંખેલું હોય, પતરાંની ધારથી પેન્ટ પણ ફાટે. મગફળીવાળો પણ બાલ્કની અને અપરમાં જ મગફળી આપવા નીકળે, લોઅરવાળાએ તો જાતે લેવા જવું પડે. સિનેમાસ્કોપ પિકચરમાં જો લોઅરની ટિકીટ મળી અને 'શરાબી' જેવી ફિલ્મ હોય તો કયાં તો બચ્ચનને જોવાય કયાં તો મુકરીને!

અમોલ પાલેકર અને સઈ પરાંજપેની પારિવારિક ફિલ્મો સરકાર કરમુક્ત કરે એટલે ખુબ સસ્તી થાય, કયારેક તો 'કથા' જેવી ફિલ્મની ટિકીટ જેટલા રૂપિયા જ બ્લેકમાં બોલાય અને તોય સસ્તુ પડે. મગફળીની જગ્યા પછી ખારી સિંગે લીધી. ફોંતરા તો તોય ચાલું રહ્યા. સિંગ સાથે સાકરીયા કે પછી રેવડી પણ મળતી થઈ. ચણા-વટાણા-બીયાં જેવી વિવિધતા આવી પણ, સિંગ ભૂંગળામાં વાળીને લેવાની એટલે લેવાની... પણ, કિંમત માત્ર રૂપિયો - બે રૂપિયા એટલે ખુશી-ખુશી પેકેટ ભરાવાય...

આ મલ્ટિપ્લેક્સમાં ઘુસ્યા એટલે એટીકેટસમાં રહેવું પડે. ઘરની ચોકલેટ-પાણી પણ ન લઈ જવા દે. દોઢસો-બસોની ટિકીટ, પિક્ચરમાં તો પાછો ભલીવાર ના હોય, નાના નાના કપડાં પહેરેલી હીરોઈન આવે તોય કહે કે કોસ્ટ્યુમનો ખર્ચો વધુ થાય છે. હવે, ઈન્ટરમાં 'પોપકોર્ન-મકાઈ-કોક-સમોસા-વેફર કમ હવે જયાદા' જેવા બાલાજીની કૃપા ધરાવતી વેફર્સ, દસ રૂપિયાની ધાણીના સો રૂપિયા છોકી લે, કયાંથી પિકચરમાં મન ચોંટે?

એ વખતે કંઈ એટલી અમીરી નહોતી છતાં પૈસા બચાવતાં અને ફિલ્મ જોવા જતાં, સાઈકલ કે ચાલતાં, જો ધોધમાર વરસાદ પડે તો થિયેટરમાં એનો સ્પષ્ટ અવાજ સંભળાય કારણ પતરા કે સિમેન્ટના છાપરાં. કયારેક તો પ્રથમ દિવસે ફિલ્મના રિલનો ડબ્બો મોડો પહોંચે તો ફિલ્મ મોડી પણ શરુ થાય, છતાં કોઈ કકળાટ કે ચિંતા નહીં, હા મગફળીનો ખર્ચો વધે, બે વાર લેવી પડે. પાણીની વ્યવસ્થા તો થિયેટરવાળા જ કરે એમ મફતમાં....

અમુક ફિલ્મો તો બબ્બે વાર પણ જોયેલી, અને હા થિયેટર ઘરની પાસે અને લાલા સાથે દોસ્તી એટલે જો પિકચર ખાલી જતું હોય તો ઈન્ટર બાદ મફતમાંય બેસાડે. પચ્ચીસ પૈસાનો અરધો ગ્લાસ શેરડીનો રસ પીને પાછા ઘરે. અમુક વખતે ટિકીટ ન પણ મળે, બ્લેકના પૈસા ન હોય તો બે રૂપિયાની સિંગ લઈ એ ખાતાં ખાતાં ઘરે પાછાં... દાદાની વાતો અને ઉત્સાહ એક આખા મગફળી વીથ મુવીની યાત્રા કરાવી લાવી!

ચૂંટલો :

'નિરમા' અને 'વિકો ટર્મરીક નહીં કોસ્મેટીક' જેવી જાહેરાત સાથે નવી આવનારી ફિલ્મનું ટ્રેલર જોવા મળે એટલે ઈન્ટરમાં સિંગ લેવાય દોડ મુકવી પડતી. ફિલ્મ ગમે તે હીરો-હીરોઈનની કોઈ પણ જોડી હોય, ઈન્ટરમાં ખારી સિંગનું પડીકું મળ્યું એટલે ભલભલી ફિલ્મ જોવાઈ જાય.

- pratibhav@sanjaythorat.com